# સોમનાથ અને ભારતની અજેય ભાવના !

## અતિથીની કલમે

**નરેન્દ્ર મોદી**

(પ્રધાનમંત્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ)

2026ની શરૂઆતમાં, હું સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ આક્રમણના એક હજાર વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ સ્વાભિમાન પર્વ' માટે સોમનાથ ગયો હતો. હવે, હું 11મી મેના રોજ ફરીથી સોમનાથમાં હોઈશ, જે ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા પુનઃનિર્મિત મંદિરના ઉદ્ઘાટનના 75 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે હશે. અડધા વર્ષથી ઓછા સમયમાં, સોમનાથ સાથે સંબંધિત બે મહત્વપૂર્ણ સીમાચિહ્નો અને તેના વિનાશથી સર્જન સુધીની અથવા જેને આપણે 'વિધ્વંસથી સૃજન' કહીએ છીએ તે યાત્રામાં સહભાગી થવું એ મારા માટે સૌભાગ્યની વાત છે.

સોમનાથ આપણને એક સભ્યતાનો સંદેશ આપે છે. તેની સામેનો વિશાળ સમુદ્ર કાળજયી હોવાનો અહેસાસ કરાવે છે. તેના મોજાં આપણને કહે છે કે... તોફાનો ગમે તેટલા ભીષણ હોય કે ભરતી ગમે તેટલી તોફાની હોય, માણસ હંમેશા ગરિમા અને શક્તિ સાથે ફરી બેઠો થઈ શકે છે. મોજાં કિનારા પર પાછા ફરે છે. જાણે દરેક પેઢીને યાદ અપાવતા હોય કે લોકોની ભાવનાને લાંબા સમય સુધી દબાવી શકાતી નથી.

આપણા પ્રાચીન શાસ્ત્રો કહે છેઃ પ્રમાઃ પરિક્રમ્ય વૃથિવી મસંમવઃ. તેનો અર્થ એ છે કે, દિવ્ય પ્રભાસ (સોમનાથ)ની પ્રદક્ષિણા એ સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરવા સમાન છે! લોકો અહીં પ્રાર્થના કરવા આવે છે, ત્યારે તેઓને એક એવી સભ્યતાની અદ્ભુત સાતત્યતાનો અનુભવ પણ થાય છે જેની જ્યોત ક્યારેય બુઝાઈ શકી નથી. સામ્રાજ્યો ઉદભવ્યા અને પતન પામ્યા, ભરતી-ઓટ બદલાઈ, ઈતિહાસ વિજય અને ઉથલપાથલમાંથી પસાર થયો, છતાં સોમનાથ આપણી ચેતનામાં સતત ટકી રહ્યું છે.

અત્યાચાર સામે અડગ ઉભા રહેલા અસંખ્ય મહાત્માઓને યાદ કરવાનો આ સમય છે. ત્યાં લકુલીશ અને સોમ સરમન હતા, જેમણે પ્રભાસને દર્શનશાસ્ત્રના એક ભવ્ય કેન્દ્રમાં પરિવર્તિત કર્યું. વલ્લભીના ચક્રવર્તી મહારાજા ધરસેન IV એ સદીઓ પહેલા ત્યાં બીજા મંદિરનું નિર્માણ કર્યું હતું. ભીમદેવ, જયપાલ અને આનંદપાલને આક્રમણો સામે સભ્યતાના સન્માનના રક્ષણ માટે હંમેશા યાદ રાખવામાં આવશે. એવું કહેવાય છે કે રાજા ભોજે પણ પુનઃનિર્માણમાં મદદ કરી હતી. ગુજરાતની રાજકીય અને સાંસ્કૃતિક શક્તિને પુનઃસ્થાપિત કરવામાં કર્ણદેવ અને સિદ્ધરાજ જયસિંહે મહત્વની ભૂમિકા ભજવી હતી. ભાવ બૃહસ્પતિ, કુમારપાળ સોલંકી અને પાશુપત આચાર્યોએ આ પવિત્ર ધામને પૂજા અને શિક્ષણના મહાન કેન્દ્ર તરીકે પુનઃનિર્મિત કર્યું અને ટકાવી રાખ્યું. વિશળદેવ વાઘેલા અને ત્રિપુરાંતકે તેની બૌદ્ધિક અને આધ્યાત્મિક પરંપરાઓનું રક્ષણ કર્યું. વિનાશ પછી પૂજા પુનઃજીવિત કરવામાં મહીપાળદેવ અને રા ખેંગાર નિમિત્ત બન્યા હતા. વડોદરાના ગાયકવાડ હતા, જેમણે યાત્રાળુઓના અધિકારોનું રક્ષણ કર્યું હતું. અને અલબત્ત, આપણી ભૂમિ વીર હમીરજી ગોહિલ અને વીર વેગડાજી ભીલ જેવા બહાદુર વ્યક્તિત્વોને ઉછેરવા માટે ધન્ય છે, જેમનું બલિદાન અને સાહસ સોમનાથની જીવંત સ્મૃતિનો ભાગ બની ગયા છે.

1940ના દાયકામાં જ્યારે સ્વતંત્રતાની લહેર સમગ્ર ભારતમાં ફેલાઈ હતી અને સરદાર પટેલ જેવા કદાવર નેતાઓના નેતૃત્વમાં નવા પ્રજાસત્તાકનો પાયો નખાઈ રહ્યો હતો, ત્યારે એક વાત તેમને સતત ઊંડે સુધી પરેશાન કરતી હતી... સોમનાથની સ્થિતિ. 13 નવેમ્બર 1947ના રોજ, દિવાળીના સમયે, તેઓ મંદિરના જર્જરિત અવશેષો પાસે હાથમાં સમુદ્રનું પાણી લઈને ઉભા રહ્યા અને કહ્યું, "ગુજરાતી નવા વર્ષના આ પવિત્ર દિવસે, અમે નક્કી કર્યું છે કે સોમનાથનું પુનઃનિર્માણ થવું જોઈએ. તમે, સૌરાષ્ટ્રના લોકો, તમારો શ્રેષ્ઠ પ્રયાસ કરો. આ એક પવિત્ર કાર્ય છે જેમાં સૌએ સહભાગી થવું જોઈએ."

દુર્ભાગ્યવશ, નિયતિએ સરદાર પટેલને તે સ્વપ્નની પૂર્તિ જોવા ન દીધી જેનો તેમણે આટલા જુસ્સા સાથે પ્રચાર કર્યો હતો. પુનઃનિર્મિત સોમનાથ મંદિર ભક્તો માટે તેના દ્વાર ખોલે તે પહેલાં જ તેઓ આ ફાની દુનિયા છોડી ગયા હતા. તેમના વિઝનને શ્રી કનૈયાલાલ મુનશીએ આગળ ધપાવ્યું, જેમાં નવાનગરના જામસાહેબનો પૂરો સહયોગ મળ્યો હતો.

1951માં જ્યારે મંદિરનું કામ પૂર્ણ થયું ત્યારે ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને આ સમારોહ માટે બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું. તત્કાલીન પ્રધાનમંત્રી પંડિત નેહરુના સખત વિરોધ છતાં ડૉ. પ્રસાદે આ સમારોહમાં હાજરી આપી હતી.

મારું મન ઓક્ટોબર 2001ના સમયને પણ યાદ કરે છે, જ્યારે મેં મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો જ હતો. 31 ઓક્ટોબર 2001, સરદાર પટેલની જયંતિના રોજ, ગુજરાત સરકારને સોમનાથ મંદિરના દ્વાર ખુલ્યાને 50 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કાર્યક્રમ યોજવાનું સન્માન મળ્યું હતું. તે સરદાર પટેલની 125મી જન્મજયંતિની ઉજવણી સાથે પણ સુસંગત હતું. તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયી અને તત્કાલીન ગૃહમંત્રી શ્રી એલ.કે. અડવાણીએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

11 મે 1951ના રોજ તેમના સંબોધન દરમિયાન ડૉ. રાજેન્દ્ર પ્રસાદે કહ્યું હતું કે સોમનાથ મંદિર વિશ્વ સમક્ષ જાહેર કરે છે કે અતુલનીય શ્રદ્ધા અને પ્રેમ ધરાવતી કોઈપણ વસ્તુનો નાશ કરી શકાતો નથી. તેમણે એમ પણ કહ્યું કે મંદિરનો જીર્ણોદ્ધાર

એ સરદાર પટેલના સ્વપ્નની પૂર્તિ હતી, પરંતુ તે ભાવનાને આગળ વધારતા, તે મહત્વનું છે કે આપણે લોકોના જીવનમાં સમૃદ્ધિ પાછી લાવીએ. આ તેમણે આપેલા મહત્વના અને પ્રેરણાદાયી સંદેશા છે.

આ તે માર્ગ છે જેના પર આપણે એક દાયકાથી વધુ સમયથી ચાલી રહ્યા છીએ. હું તેને મારું સૌભાગ્ય માનું છું કે, 'વિકાસ ભી, વિરાસત ભી'ના સિદ્ધાંતથી પ્રેરિત થઈને, સોમનાથથી કાશી, કામાખ્યાથી કેદારનાથ, અયોધ્યાથી ઉજ્જૈન, ત્ર્યંબકેશ્વરથી શ્રીશૈલમ સુધી અમારી ટીમને આપણા આધ્યાત્મિક કેન્દ્રોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાની સાથે તેમની પરંપરાગત લાક્ષણિકતા જાળવી રાખવાની તક મળી છે.

**સોમનાથ આપણને એક સભ્યતાનો સંદેશ આપે છે. તેની સામેનો વિશાળ સમુદ્ર કાળજયી હોવાનો અહેસાસ કરાવે છે. તેના મોજાં આપણને કહે છે કે... તોફાનો ગમે તેટલા ભીષણ હોય માણસ હંમેશા ગરિમા અને શક્તિ સાથે ફરી બેઠો થઈ શકે છે.**

કનેક્ટિવિટી સુધારવાના પ્રયાસો સાથે આ બાબત એ સુનિશ્ચિત કરે છે કે વધુ લોકો તેમની મુલાકાત લઈ શકે. તે સ્થાનિક અર્થતંત્રને વેગ આપે છે, આજીવિકા સુરક્ષિત કરે છે અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને ઊંડી બનાવે છે. સોમનાથની રક્ષા માટે જેઓએ પોતાના જીવનનું બલિદાન આપ્યું અને જેઓએ તેનું વારંવાર પુનઃનિર્માણ કર્યું તેમના સંઘર્ષો અને બલિદાનોને ક્યારેય ભૂલી શકાય નહીં. ભારતભરના અસંખ્ય લોકોએ તેની ભવ્યતા પુનઃસ્થાપિત કરવામાં ફાળો આપ્યો છે.

તેઓએ ભારતના દરેક ભાગને પવિત્ર માન્યો, જે ભૌગોલિક સીમાઓથી પર એકતાની ભાવનાથી બંધાયેલા હતા. વિભાજનથી ભરેલા વિશ્વમાં, એકતાની આ ભાવના પહેલા કરતા વધુ પ્રાસંગિક છે. સોમનાથ તેની તમામ ભવ્યતામાં અડીખમ ઊભું રહેશે કારણ કે એકતા અને સહિયારી સભ્યતાની ચેતના દરેક ભારતીયના હૃદયમાં જીવંત છે. જેની શ્રદ્ધાંજલિ રૂપે, એક હજાર વર્ષના અસાધારણ સાહસને યાદ કરીને, આગામી એક હજાર દિવસ સુધી સોમનાથમાં વિશેષ પૂજા કરવામાં આવશે. એ જોઈને આનંદ થાય છે કે અનેક લોકો આ પૂજા માટે દાન પણ આપી રહ્યા છે.

હું મારા દેશવાસીઓને આ વિશેષ સમયમાં સોમનાથની યાત્રા કરવાનો આગ્રહ કરું છું. જ્યારે તમે સોમનાથના કિનારે ઉભા રહો ત્યારે તેના પ્રાચીન પડઘાઓને તમારી અંદર અનુભવો. તમે માત્ર ભક્તિથી અભિભૂત નહીં થાઓ પણ એક એવી સભ્યતાની મજબૂત ભાવનાનો પણ અનુભવ કરશો જે ક્યારેય ક્ષીણ થતી નથી, જે અખંડ અને અટલ છે. તમે ભારતની અદમ્ય ભાવનાનો અનુભવ કરશો અને સમજશો કે, બધી મુશ્કેલીઓ છતાં, આપણી સંસ્કૃતિ હંમેશા કેમ વિજયી રહી છે; અને તમને તે શાશ્વત વિજયના સાક્ષી બનવાની તક મળશે. આ અનુભવ ચોક્કસપણે અવિસ્મરણીય રહેશે.

જય સોમનાથ.

---

**સેન્ટ્રલ બૅંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India**

**ઘોડ દોડ રોડ શાખા :** હરમૈન ગાર્ડન એપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ સ્કુલની પાછળ, સુરત- ૩૯૫૦૦૭. ● **ફોન : ૦૨૬૧-૨૨૫૯૮૫૨ ● મો. : ૭૫૬૭૮૮૩૮૭૧**

### જંગમ મિલકતો (મશીનરી)ની વેચાણ માટેની ઈ-હરાજી કમ વેચાણ નોટીસ

આથી જાહેર જનતાને ખાસ કરીને કરજદાર(ઓ) અને જામીનદારને સૂચના આપવામાં આવે છે કે અહીં નીચે દર્શાવેલ જંગમ મિલકતો (મશીનરી) સુરક્ષિત કરજદાર ગિરવે/ચાર્જ કરવામાં આવેલ છે. જેનો પ્રત્યક્ષ કબજો સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારી (સિક્યોર્ડ લેણદાર) દ્વારા લેવામાં આવ્યો છે. તા. ૨૯.૦૫.૨૦૨૬ના રોજ ઓનલાઈન વેબ પોર્ટલ : https://baanknet.com, જે **"જેમ છે જ્યાં છે તેના આધારે", "જેમ છે જે છે તેના આધારે" અને " જે કંઈ છે તેના આધારે"** ના આધારે વેચાવામાં આવશે. જેથી નીચે જણાવેલ કરજદાર અને જામીનદાર પાસે થી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ લેણદારને બાકી રહેતી રકમની વસૂલી કરી શકાય. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે મુજબ છે. વેચાણ વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને સુરક્ષિત લેણદારની વેબસાઈટ : www.centralbankofindia.co.in. માં આપેલી સંદર્ભ લો.

રસ ધરાવતા પ્રસ્તાવકારે ઈ–હરાજી પૂર્ણ થાય તે પહેલાં BAANKNET માં પ્રી–બિડ ઈએમડી જમા કરાવી શકે છે. ઈ–હરાજી માટે વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રસ્તાવકારેને પ્રી–બીડ ઈએમડીની ક્રેડિટ આપવામાં આવશે. બેંકિંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બોલી લગાવનારાઓને તેમના પોતના હિતમાં, કોઈપણ છેલ્લી સમયની સમસ્યા ટાળવા માટે પ્રી–બીડ ઈએમડી રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે.

| અ. નં. | કરજદાર/ જામીનદારનું નામ | નોટીસની રકમ અને તારીખ | જંગમ મિલકતોની વિગત | પઝેશનની તારીખ અને પ્રકાર | અનામત કિંમત રૂ./ ઈએમડી રૂ./ બીડ ગુણાંકમાં રૂ | અન્ય બોજો | મુલાકાતની તારીખ અને સંપર્ક વ્યક્તિની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મે. ભાવેશ ટેક્ષટાઈલના ભાગીદારો – શ્રી ભાવેશ કુમાર ગિરધરભાઈ રાણપરીયા અને શ્રીમતી ચેતના જીતેન્દ્રકુમાર સોલંકી | રૂા. ૭૯,૮૨,૭૮૫.૪૭ તા. ૦૧.૦૯.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | કોમ્પ્યુટરાઈઝડ ભરતકામ મશીનના ૨ સેટ, – ૧૨૨૩, ક્ષેત્રફળ ૪૦૦ X ૯૦૦ X ૧૫૦૦, ૧૨ રંગ અને ૨૩ હેડ, ટ્રીન સિકવન્સ સાથે, કોર્ડીંગ ડિવાઈસ સાથે, ટ્રીમર સાથે બધા સ્ટાન્ડર્ડ ભાગો અને એસેસરીઝ સાથે. | ૨૬.૧૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૩૫,૭૦,૦૦૦/- રૂા. ૩,૫૭,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | જાણમાં નથી | ૨૫.૦૫.૨૦૨૬ શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર મો. ૭૫૬૭૮૮૩૮૭૧ |
| ૨. | મે. ઝાખી ટેક્ષટાઈલના ભાગીદારો – શ્રી નિકુંજકુમાર વલ્લભભાઈ દુધાત્રા અને શ્રી રાજેશભાઈ ગાંગજીભાઈ કોટચાવાલીયા | રૂા. ૭૭,૧૪,૩૬૭.૮૬ તા. ૧૯.૧૧.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | કોમ્પ્યુટરાઈઝડ ભરતકામ મશીનના ૨ સેટ, ૧૨૨૩ – ૪૦૦ X ૯૦૦ X ૧૫૦૦, ૧૨ સોય અને ૨૩ હેડ, સ્ટાન્ડર્ડ સ્પેરપાર્ટસ અને એસેસરીઝ સાથે અને ટ્રીન સિકવન્સ સાથે કોર્ડિંગ. | ૨૬.૧૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૩૫,૭૦,૦૦૦/- રૂા. ૩,૫૭,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | જાણમાં નથી | ૨૫.૦૫.૨૦૨૬ શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર મો. ૭૫૬૭૮૮૩૮૭૧ |
| ૩. | મે. પુરી ટેક્ષટાઈલના ભાગીદારો – શ્રી નિકુંજકુમાર વલ્લભભાઈ દુધાત્રા અને શ્રી ધર્મેશકુમાર વલ્લભભાઈ હલપતી | રૂા. ૭૮,૮૪,૧૯૩.૭૪ તા. ૨૦.૧૨.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | કોમ્પ્યુટરાઈઝડ ભરતકામ મશીનના ૨ સેટ, ૧૨ સોય, ૨૩હેડ, સ્ટાન્ડર્ડ સ્પેરપાર્ટસ અને એસેસરીઝ સાથે અને ટ્રીન સિકવન્સ સાથે, ૪૦૦ X ૯૫૦ X ૧૫૦૦ કોર્ડિંગ | ૨૬.૧૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૩૫,૭૦,૦૦૦/- રૂા. ૩,૫૭,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | જાણમાં નથી | ૨૫.૦૫.૨૦૨૬ શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર મો. ૭૫૬૭૮૮૩૮૭૧ |

- ઈ–હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://baanknet.com ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://baanknet.com ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જૂઓ.
- બિડરે વેબસાઈટ : https://baanknet.com પર નોંધણી કરાવશે અને KYC દસ્તાવેજો અપલોડ કરશે અને સેવા પ્રોવાઈડર KYC દ્વારા દસ્તાવેજોનો ચકાસણી કર્યા પછી EMD NEFT/ ટ્રાન્સફર દ્વારા ગ્લોબલ ઈએમડી વોલેટમાં જમા કરાવવામાં આવશે. (https://baanknet.com પર થી ચલણ માટે જનરેટ કર્યા પછી)
- હરાજીના અંતે વેચાણ મંજૂર થતા સફળ બોલીકારે / ખરીદરનારે બોલીની રકમના ૨૫%. (પહેલા થી ચુકવેલ ઈએમડી રકમ સમાયોજીત) રકમ તાત્કાલિક જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ વેચાણ સંપન્ના થયાની તારીખ થી ૧૫ દિવસમાં જમા કરાવવાની રહેશે, જેમાં નિષ્ફળ નિવડયેથી પ્રસ્તાવકારોએ અગાઉ રકમ જમા કરાવેલી અનામત રકમ જપ્ત કરવામાં આવશે અને આ માટે કોઈપણ જાણ કરાશે નહી અને વેચાણ રદ થઈ જશે.
- શાખા પ્રબંધકને મળેલી કોઈપણ/બધી જ દરખાસ્તો કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે.
- મિલકત પરના તમામ કોઈપણ વ્યક્તિના કારાણે તમામ વૈધાનિક લેણાં, કર દર, આકારણી ચાર્જ ફી વિગેરે બોલીકર્તાએ ભોગવવાના રહેશે.
- વધુ જાણકારી માટે – **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮ અતવા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ઘોડ દોડ રોડ શાખા, સુરત, શ્રી મુકેશ કચ્છવાહ - ચીફ મેનેજર (મો) : +૯૧-૭૫૬૭૮ ૮૩૮૭૧ નો સંપર્ક કરી શકશો.**

**સ્થાવર મિલકત (મશીનરી)ના વેચાણ માટે કાનૂની ૧૫ દિવસની વેચાણ નોટીસ**

સહી/-

**તારીખ : ૦૬.૦૫.૨૦૨૬**
**સ્થળ : સુરત** (વિવાદીત સ્થિતીમાં અંગ્રેજી માન્ય રહેશે) **અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

---

**Central Bank of India / સેન્ટ્રલ બૅંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया**

**રીજનલ ઓફિસ :** ૧લો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત–૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧–૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

**ઈ-હરાજી થી વેચાણ નોટીસ** (સરફેસી એક્ટ - ૨૦૦૨ હેઠળ) (પરિશિષ્ટ-૪(એ) (નિયમ ૮(૬) જુઓ)

**તા. ૧૬.૦૬.૨૦૨૬ ના રોજ સ્થાવર મિલકતની વેચાણ થી વેચાણ નોટીસ**

**ધી સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે નિયમ ૮(૬) સાથે વંચાતી ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોનું ઈ-હરાજીથી વેચાણ નોટીસ.**

નોટીસ આમ સામાન્ય રીતે જાહેર જનતાને આપવામાં આવે છે અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) / જામીનદારો (ઓ)ને આપેલ છે, નીચે જણાવેલ સ્થાવર મિલકતો, સુરક્ષિત ક્રેડીટ ધારક બંધારણીય / ચાર્જ કરાઈ છે. તેના પર **કબજો** લેવામાં આવે છે. **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**ના અધિકૃત અધિકારીએ બેંકના બાકી રકમની વસૂલાત માટે તા. ૧૬.૦૬.૨૦૨૬ ના રોજ **"જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "ત્યાં જે છે ત્યાં"** ધોરણે અને ઓનલાઈન વેબપોર્ટલ હેઠળ : https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.) વેચવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે જણાવેલ કોષ્ટકમાં આપેલ છે. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે સિક્યોર્ડ ક્રેડીટરએ કૃપા કરીને અમારી વેબસાઈટ : www.centralbankofindia.co.in થી માહિતી મેળવી શકશો.

### નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત

| અ. નં. | કરજદાર / જામીનદાર અને શાખા નું નામ | ૧૩(૨)નોટીસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતોની વિગત | પઝેશનની તારીખ અને પ્રકાર | અનામત કિંમત રૂ./ ઈએમડી રૂ./ બીડ ગુણાંકમાં રૂ | અધિકૃત અધિકારીનું નામ અને શાખાનું સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી અતુલકુમાર મનુભાઈ કુબાવત (કરજદાર), શ્રી જયેશભાઈ મનુભાઈ કુબાવત (સહ–કરજદાર) **(ઘોડ દોડ રોડ શાખા)** | રૂા. ૧૧,૪૪,૬૩૮.૯૫ તા. ૩૦.૦૭.૨૦૧૯ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. ૧૧૩, ક્ષેત્રફળ ૪૨.૪૧ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો રોડનો ક્ષેત્રફળ ૧૫.૨૬ સ્કે.મીટર અને સી.ઓ.પી.નો ક્ષેત્રફળ ૬.૪૯ સ્કે.મીટર, કુલ ક્ષેત્રફળ ૬૪.૧૬ સ્કે.મીટર "સુંદરવન રેસીડેન્સી", જે જમીનનો રેવન્યુ સર્વે નં. ૮૮, બ્લોક નં. ૮૩, આર. એસ. નં. ૮૯, બ્લોક નં. ૮૪ અને આર.એસ. નં. ૯૦, બ્લોક નં. ૮૫, કુલ ક્ષેત્રફળ ૩૫૪૩૭ સ્કે.મીટર, ગામ–નનસાડ, તાલુકા–કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** પ્લોટ નં. ૧૧૪, ● **પશ્ચિમે :** પ્લોટ નં. ૧૧૨, ● **ઉત્તરે :** સોસાયટી ઈન્ટરનલ રોડ, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૯૬ | ૧૩.૧૨.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૦,૧૨,૫૦૦/- રૂા. ૧,૦૧,૨૫૦/- રૂા. ૧૦,૦૦૦/- | શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર ઘોડ દોડ રોડ શાખા (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૭૧ |
| ૨. | શ્રીમતી પૃથ્વીબેન રાજેશભાઈ બુટાણી (કરજદાર), શ્રી રાજેશકુમાર હરીભાઈ બુટાણી (સહ કરજદાર) **(સુરત મેઈન શાખા)** | રૂા. ૮,૯૫,૨૮૫/- તા. ૨૮.૦૪.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે ફ્લેટ નં. ૪૦૨, ચોથો માળ, ક્ષેત્રફળ ૫૬.૮૭ સ્કે. મીટર યાને કે ૬૧૨ સ્કે. ફીટ, સાથે અવિભાજીત સરખા ભાગની જમીન પર આવેલ બિલ્ડીંગ નં. બી, વ્રજ રેસીડેન્સી, બિલ્ડીંગ–બી બાંધકામ વાળી જમીન જેનો રેવન્યુ સર્વે નં. ૪/૧, બ્લોક નં. ૭, ક્ષેત્રફળ ૪૬૫૩ સ્કે.મીટર, પૈકી ઉત્તર બાજુની જમીનનો ક્ષેત્રફળ ૯૩૧.૦૦ સ્કે.મીટર અને માર્જીન અને અવિભાજીત ભાગનો ક્ષેત્રફળ ૪૦૩.૪૬ સ્કે.મીટર, કુલ ૧૩૩૫.૨૪ સ્કે. મીટર, ગામ–છાપરભાઠા, તાલુકા–ચોર્યાસી, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** ફ્લેટ નં. ૪૦૫, ● **પશ્ચિમે :** ફ્લેટ નં. ૪૦૮, ● **ઉત્તરે :** મેઈન રોડ, ● **દક્ષિણે :** ફ્લેટ નં. ૪૦૬. | ૨૨.૦૩.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો | રૂા. ૭,૭૧,૦૦૦/- રૂા. ૭૭,૧૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | શ્રી વિકાસ ચૌરસિયા ચીફ મેનેજર, સુરત મેઈન શાખા, સુરત (મો) :+૯૧-૮૨૧૦૧૦૬૮૩૧ |
| ૩. | શ્રી મેહુલકુમાર હરીભાઈ રામોલીયા (કરજદાર), શ્રીમતી દર્શના રામોલીયા (સહ–કરજદાર) **(અલથાણ શાખા)** | રૂા. ૧૪,૭૧,૯૮૪.૧૪ તા. ૨૨.૦૫.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. ૧૭૪, આર.એસ. નં. ૧૦૩, બ્લોક નં. ૧૩૧ (જુનો બ્લોક નં. ૧૧૫), ક્ષેત્રફળ ૪૮.૬૫ સ્કે. મીટર સાથે ગ્રાઉન્ડ ફ્લોર + સીડીની કેબીન, ગોકુલધામ રેસીડેન્સી, મારૂતિ વિલા પાસે, ગામ–નનસાડ, તાલુકા–કામરેજ, સુરત–૩૯૪૧૮૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** સોસાયટીની બાઉન્ડરી, ● **પશ્ચિમે :** સોસાયટીનો રોડ, ● **ઉત્તરે :** પ્લોટ નં. ૧૭૩ થી સંકળાયેલ, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૧૭૫ થી સંકળાયેલ. | ૨૫.૧૨.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૪,૪૦,૦૦૦/- રૂા. ૧,૪૪,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | સોની કુમારી ચીફ મેનેજર, અલથાણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૭૪૮૮૪૯૭૫ |
| ૪. | શ્રી મયુર અરવિંદભાઈ પટેલ (કરજદાર), શ્રીમતી દક્ષાબેન અરવિંદભાઈ પટેલ (સહ–કરજદાર) **(અલથાણ શાખા)** | રૂા. ૭,૦૨,૫૨૪/- તા. ૧૨.૦૪.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. સી/૧૦૭ (પાસ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. એમ/૧૦૭) (કેજેપી પછી બ્લોક નં. ૫૧૪/૨૯૬/એમ/૧૦૭), જે જમીનનો ક્ષેત્રફળ ૪૦.૧૫ સ્કે. મીટર, "અમૃત સરોવર રેસીડેન્સી"ના નામથી હાઉસિંગ એસ્ટેટથી જાણીતી, જે જમીનનો નવું બ્લોક નં. ૫૧૪, ક્ષેત્રફળ ૬૪૭૭૫ સ્કે. મીટર (જુનો બ્લોક નં. ૫૧૪, ૫૧૫, ૫૧૬ પૈકી ૧, ૫૧૬ પૈકી ૨ અને ૫૧૮), ગામ–કઠોર, સબ જિ. કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** સોસાયટીનો રસ્તો, ● **પશ્ચિમે :** મિલકત થી સંકળાયેલ, ● **ઉત્તરે :** પ્લોટ નં. ૧૦૬, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૧૦૮ | ૧૦.૦૫.૨૦૨૨ પ્રત્યક્ષ કબજો | રૂા. ૦૮,૦૧,૦૦૦/- રૂા. ૮૦,૧૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | સોની કુમારી ચીફ મેનેજર, અલથાણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૭૪૮૮૪૯૭૫ |
| ૫. | શ્રી પિયુષભાઈ અરવિંદભાઈ પેઠાણી (કરજદાર), શ્રી પ્રદીપ અરવિંદભાઈ પેઠાણી (સહ–કરજદાર), શ્રી રમેશભાઈ ડાહ્યાભાઈ જિયાણી (જામીનદાર) **(અલથાણ શાખા)** | રૂા. ૩૩,૩૫,૦૦૧.૦૫ તા. ૦૪.૦૭.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૭૪, આર. એસ. નં. ૮૦, જુનો બ્લોક નં. ૭૬, નવું બ્લોક નં. ૧૦૨, ક્ષેત્રફળ એરીયા ૮૨.૨૨ સ્કે. યાર્ડ અથવા ૬૮.૭૫ સ્કે. મીટર, ધર્મનંદન બંગલોઝ, નનસાડ–કોલી ભરથાણા રોડ, તાલુકા–કામરેજ, જિ. સુરત–૩૯૪૧૮૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** પ્લોટ નં. ૭૫, ● **પશ્ચિમે :** પ્લોટ નં. ૭૩, ● **ઉત્તરે :** સોસાયટીનો રસ્તો, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૮૯. | ૨૫.૦૪.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો | રૂા. ૨૦,૯૨,૫૦૦/- રૂા. ૨,૦૯,૨૫૦/- રૂા. ૧૦,૦૦૦/- | સોની કુમારી ચીફ મેનેજર, અલથાણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૭૪૮૮૪૯૭૫ |
| ૬. | શ્રી રાજેશભાઈ વિનુભાઈ શેલડીયા (કરજદાર), શ્રીમતી ગીતાબેન શેલડીયા (સહ–કરજદાર), શ્રીમતી મનીષાબેન શેલડીયા (સહ–કરજદાર), શ્રી ભાવેશકુમાર મનુભાઈ હડીયા (સહ–કરજદાર) **(અલથાણ શાખા)** | રૂા. ૨૯,૪૯,૧૩૩/- તા. ૦૮.૦૮.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. ૭૩, ક્ષેત્રફળ ૮૨.૨૨ સ્કે. યાર્ડ યાને કે ૬૮.૭૫ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો ક્ષેત્રફળ ૩૨.૫૫ સ્કે.મીટર ની જમીનનો રોડ અને સીઓપીનો ક્ષેત્રફળ ૨૦.૮૫ સ્કે. મીટર, **ધર્મનંદન બંગ્લોઝ**, જે સ્થિત જમીન આર.એસ. નં. ૮૦, બ્લોક નં. ૧૦૨, ક્ષેત્રફળ ૧૩૧૯૭ સ્કે.મીટર, (જુનો બ્લોક નં. ૭૬, ક્ષેત્રફળ ૧૩૫૫૭ સ્કે. મીટર), ગામ–નનસાડ, તાલુકા–કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** પ્લોટ નં. ૭૪, ● **પશ્ચિમે :** પ્લોટ નં. ૭૨, ● **ઉત્તરે :** સોસાયટીનો રસ્તો, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૮૦. | ૦૨.૦૬.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂા. ૨૦,૯૩,૦૦૦/- રૂા. ૨,૦૯,૩૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | સોની કુમારી ચીફ મેનેજર, અલથાણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૭૪૮૮૪૯૭૫ |

**નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૧૦.૦૬.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે**

**ઈ-હરાજીની તારીખ અને સમય : ૧૬.૦૬.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે (બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્ટેન્શન સાથે)**

- **મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેવી વિગત : ખબર નથી.**
- **ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.)ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.) ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.**
- **વધુ જાણકારી માટે -સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮નો સંપર્ક કરી શકશો.**
- **વેચાણની શરતો અને નિયમો સિક્યોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ મુજબની જ રહેશે.**

**સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૩૦ દિવસની નોટીસ**

સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા/જામીનદારો/ ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

**તારીખ : ૦૭.૦૫.૨૦૨૬**
**સ્થળ : સુરત** (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)

---

**ઋણ વસૂલી અધિકરણ–II** આઉટવર્ડ નં.૧૦૩૬/૨૦૨૬

**(નાણાં મંત્રાલય, ભારત સરકાર)**
ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, ૧૮ ગાંધી કુંજ સોસાયટી, દિપક પેટ્રોલ પંપ સામે, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬.

ઓ.એ. ૬૮૬/૨૦૨૩ **પેપર પબ્લીકેશન દ્વારા નોટીસ** ઈએક્સબી નં.એ/૦૮

પંજાબ નેશનલ બેંક .......................................................... અરજી કરનાર
**વિરૂદ્ધ**
**હસ્તીમલ કેશારામ સુથાર** પ્રતિવાદી

પ્રતિ,
(૧) **હસ્તીમલ કેશારામ સુથાર :** પ્લોટ નં. ૩૭, નંદવન રો હાઉસ, પરવત પાટીયા, સુરત.
(૨) **શ્રીમતી વાસંતીદેવી હસ્તીમલ સુથાર :** પ્લોટ નં. ૩૭, નંદવન રો હાઉસ, પરવત પાટીયા, સુરત.
(૩) **શ્રી સંજય ધનજીભાઈ પટેલ :** પ્લોટ નં.૧૨૧ ભવન પાર્ક સોસાયટી, ગોડાદરા, સુરત.

**આથી ઉપરના નામવાળા અરજદારે ઉપર જણાવેલ અરજી ટ્રીબ્યુનલમાં ફાઈલ કરેલ છે.**

૧. **આથી, સમન્સ / નોટીસની બજવણી સામાન્ય પદ્ધતિથી થઈ શકેલ નથી અને તેથી અરજદારને બજવણીની અવેજી પદ્ધતિ માટે આ ટ્રિબ્યુનલે અનુમતિ આપેલ છે.**
૨. **મુળ અરજી હેઠળ વચગાળાની રાહતને પ્રતિવાદીઓ સામે અરજદાર બેંકની તરફેણમાં કેમ મંજુરી ન આપવી જોઈએ તે માટે પ્રતિવાદીને કારણ બતાવવા નિર્દેશ આપવામાં આવે છે.**
૩. **આપને આ ટ્રિબ્યુનલ સમક્ષ રૂબરૂમાં અથવા વકીલ મારફત તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે હાજર રહેવા / લેખિત સ્ટેટમેન્ટ રજુ કરવા અને વિનંતી કરેલ રાહતો કેમ ગ્રાહ્ય ન કરવી તેના કારણો આપવા નિર્દિષ્ટ કરવામાં આવે છે.**
૪. **નોંધ લેશો કે કસુર થયેથી અરાજદારને સાંભળી આપની ગેરહાજરીમાં નિર્ણય કરાશે.**

**આજ તા.૦૫મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી અને પંચના સિક્કા સાથે આપવામાં આવ્યું.**

તૈયાર કરનાર એમ | ચકાસણી કરનાર | પંચનો સિક્કો | સેકશન અધિકારી

---

**बैंक ऑफ इंडिया BOI Bank of India**

**બોમ્બે માર્કેટ શાખા સુરત :** બેંક બ્લોક, બોમ્બે માર્કેટ, ઉમરવાડા, સુરત–૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧– ૨૩૪૨૦૪૧, ૨૩૪૧૧૧૭ ઈમેઈલ : bombayMarket.Surat@bankofindia.bank.in

**(સરફેસી એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩ ની પેટા કલમ (૨) હેઠળ) જામીનદારને નોટીસ**

પ્રતિ, ૧) **શ્રી હિતેશભાઈ કુરજીભાઈ વઘાસીયા :**
નં. ૩૧૫, સરીતા વિહાર સોસાયટી, પુણા ગામ– બોમ્બે માર્કેટ રોડ, સુરત– ૩૯૫૦૧૦

૧. આપ જાણો છો કે બેંકે **શ્રી ડાયાભાઈ રૂપસનભાઈ ગોહીલ** ને **રૂા.૧૭,૦૦,૦૦૦/–** ની રકમ માટે વિવિધ ક્રેડીટ મર્યાદાઓ મંજૂર કરી જેના માટે તમે ગેરંટી આપનાર તરીકે હાજર રહયા છો અને **૧૦.૦૩.૨૦૧૪** ના રોજ ગેરંટી પત્ર નો અમલ કર્યો છે. જેમાં મુખ્ય દેવાદાર દ્વારા ઉપરોક્ત રકમ ની બાકી ચુકવણી અને તેના પર ના તમામ વ્યાજ, ખર્ચ, ચાર્જીસની ખાતરી આપવામાં આવી છે. નોટીસની તારીખે બેંક દ્વારા આપવામાં આવેલ વિવિધ ક્રેડીટ સુવિધાઓ અને તેના હેઠળ બાકી લેણાંની રકમની વિગતો નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | મંજૂર મર્યાદા (રૂા.) | બાકી રકમ (રૂા. માં) |
|---|---|---|
| ટર્મ લોન– હાઉસીંગ લોન | રૂા. ૧૭,૦૦,૦૦૦/– | **રૂા.૧૩,૯૭,૦૩૭.૪૮ તા. ૨૮.૦૪.૨૦૨૬ થી તા. ૦૧.૦૫.૨૦૨૬ સુધીનું લાગુ નહી કરેલ ચાર્જીસ @ ૦૯.૬૦% વ્યાજ રૂા. ૧,૭૨૨.૦૦** |

૨. મુખ્ય દેવાદારે પોતાની જવાબદારીઓની ચુકવણીમાં કસુર કર્યો હોવાથી અમે ભારતીય રીઝર્વ બેંક દ્વારા જારી કરેલ નિર્દેશ અને માર્ગદર્શિકા હેઠળ **તા.૨૮.૦૪.૨૦૨૬** ના રોજ તેમનું એકાઉન્ટ બિન કાર્યક્ષમ સંપત્તિ તરીકે વર્ગીકૃત કર્યુ છે.
૩. ઉપર જણાવ્યા મુજબ, મુખ્ય દેવાદાર દ્વારા કરવામાં આવેલી કસુર ને ધ્યાનમાં રાખીને, તમે ગેરેન્ટર તરીકે ઉપરોક્ત દેવા માટે સંયુક્ત રીતે અને વ્યક્તિગત રીતે જવાબદાર બન્યા છો.
૪. ઉપર જણાવેલ કારણોસર અમે તમારી પાસે ગેરંટી માંગીએ છીએ અને તમને વિનંતી કરીએ છીએ કે બેંક ની બાકી રકમ **રૂા.૧૩,૯૮,૭૫૯.૪૮ (અંકે રૂા. તેર લાખ અઠ્ઠાણું હજાર સાતસો ઓગણસાઠ અને અડતાલીસ પૈસા પુરા) ( નોટિસની તારીખ સુધીના કરારના બાકી)** તેના ઉપર ના વધારા ના વ્યાજ વાર્ષિક @ ૦૯.૬૦% લેખે વ્યાજ માસિક ગણતરીના આધારે વ્યાજ, કોસ્ટ, ચાર્જ, પેનલ સાથે નોટીસ આપ્યાના ૬૦ દિવસમાં ચુકવી આપવા તમને જણાવાય છે. તેમ કરવામાં કસુર થયે અમે નોટીસ ની તારીખથી વાસ્તવિક વસુલાત ની તારીખ સુધીનું વ્યાજ સાથે ઉપરોક્ત રકમ અને તેને લગતા તમામ ખર્ચ, વગેરેની વસુલાત માટે તમારી વિરૂધ્ધ ઋણ વસુલાત ટ્રિબ્યુનલ/કોર્ટ સમક્ષ યોગ્ય કાનુની કાર્યવાહી દાખલ કરીશું.

**તા.૦૨.૦૫.૨૦૨૬, સ્થળ: સુરત ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, બોમ્બે માર્કેટ શાખા**

---

**बैंक ऑफ इंडिया BOI Bank of India**

**બોમ્બે માર્કેટ શાખા સુરત :** બેંક બ્લોક, બોમ્બે માર્કેટ, ઉમરવાડા, સુરત–૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧– ૨૩૪૨૦૪૧, ૨૩૪૧૧૧૭ ઈમેઈલ : bombayMarket.Surat@bankofindia.bank.in

**(સરફેસી એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩ ની પેટા કલમ (૨) હેઠળ) દેવાદારને નોટીસ**

પ્રતી, **શ્રી ડાયાભાઈ રૂપસનભાઈ ગોહીલ**
પ્લોટ નં. ૨૪ (મંજુર પ્લાન મુજબ પ્લોટ નં. ૨૬) હરીધામ રો હાઉસ, મુ. ગામ. વાવ, તા. કામરેજ, જી. સુરત– ૩૯૪૧૮૫

મહેરબાણ શ્રી
ધી સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

તમારા દ્વારા કરેલી વિનંતી મુંજબ બેંકે તમારી **રૂા. ૧૭,૦૦,૦૦૦/–** ( કુલ / વિવિધ ક્રેડિટ સુવિધા મંજૂર કરેલ એટલે મંજૂર મર્યાદાઓને) અમે અહીં નીચે તમારી મંજૂર કરેલ ક્રેડીટ સુવિધા અને નોટીસની તારીખે બાકી રકમ દર્શાવેલ છે.

**સુવિધાના પ્રકાર : ટર્મ લોન – હાઉસીંગ લોન**
**મંજૂર મર્યાદા : ૧૭,૦૦,૦૦૦/–**
**ખાતા નં : ૨૭૦૪૭૫૧૧૦૦૦૦૧૨૪ અને ખાસ કરીને આમાં બાકી લેણાંની વિગતો હેઠળ.**

| | બાકી લેણાંની વિગતો | રકમ |
|---|---|---|
| ૧ | ૨૮.૦૪.૨૦૨૬ સુધી વ્યાજ સાથે ખાતામાં એનપીએ તારીખ મુજબ બાકી રકમ | રૂ. ૧૩,૯૭,૦૩૭.૪૮ |
| ૨ | અનુગામી યુસીઆઈ ૨૮.૦૪.૨૦૨૬ થી ૦૧.૦૫.૨૦૨૬ સુધી(નોટિસની તારીખ) વાર્ષિક @ ૦૯.૬૦% આરબીએલઆર ના આધારે રેસ્ટ બીઓઆઈ નું વાર્ષિક માસિક ગણતી સાથે | રૂ. ૧,૭૨૨.૦૦ |
| ૩ | ઉધાર લેનાર દ્વારા ચુકવવાપાત્ર અન્ય શુલ્ક / એનપીએ તારીખ પછીના ખાતામાં ડેબિટ | રૂ. ૦.૦૦ |
| ૪ | કુલ | રૂ. ૧૩,૯૮,૭૫૯.૪૮ |
| ૫ | જો એનપીએ તારીખ પછી કોઈ હોય તો એકંદર વસુલાત પ્રભાવિત | રૂ. ૦.૦૦ |
| ૬ | ૪–૫ = એટલે નોટિસની તારીખ સુધી વાર્ષિક @ ૦૯.૬૦% માસિક ગણતી સાથે બાકી વધારાના વ્યાજની ચૂકવવાપાત્ર કરાર આધારિત લેણાં | રૂ. ૧૩,૯૮,૭૫૯.૪૮ |
| ૭ | તા. ૨૮.૦૪.૨૦૨૬ થી ૦૧.૦૫.૨૦૨૬ સુધી (નોટિસની તારીખ) ના સમયગાળા માટે ચક્રવૃદ્ધિ/ મૂડીકરણ અસર વિના ચુકવવાપાત્ર વ્યાજ દંડ | રૂ. ૧૧૦.૦૦ |

**નોટિસની ચુકવવાપાત્ર એકંદર કરારીય લેણાં રૂા. ૧૩,૯૮,૭૫૯.૪૮(અંકે રૂા. તેર લાખ અઠ્ઠાણું હજાર સાતસો ઓગણસાઠ અને અડતાલીસ પૈસા પુરા)**

૨. આ ક્રેડીટ સુવિધા બેંકે નીચે જણાવેલ મિલકત / સીક્યુરીટીની સામે મંજૂર કરી હતી. (બેંકને ચાર્જ કરેલ મિલકતની વિગત) **બેંકને વસુલવામાં આવેલી મિલકતો / સંપત્તિઓની વિગતો**

| | સંપત્તિઓની વિગતો / બેંકને વસુલવામાં આવેલી મિલકતો | CERSAI નોંધણી આઈડીસએસ |
|---|---|---|
| અ) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રહેણાંક ની બિલ્ડીંગ ના હરીધામ રો હાઉસ, તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં. ૨૪ (મંજૂર પ્લાન મુજબ નં. ૨૬), રેવન્યુ સર્વે નં. ૫, ૨૭, બ્લોક નં. ૩૮, કુલ માપ આશરે ૮૩.૮૩ ચો.મી, સબ રજીસ્ટ્રાર કામરેજ ના ન્યાયાલયક્ષેત્ર માં ગામ. વાવ, તા. કામરેજ, જી. સુરત, ગુજરાત રાજય ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા **પુર્વે :** જોડેનો પ્લોટ નં. ૨૫, **પશ્ચિમે :** જોડેનો બ્લોક નં. ૪૬, **ઉત્તરે :** માર્જીન અને જોડેનો બ્લોક નં. ૪૩, **દક્ષિણે :** ૬.૦૦ મીટર પહોળો રોડ. | CERSAI ID : 400008402050 Asset ID- 200008389932 |

૩. તમે આ ક્રેડીટ સુવિધાની બાકી રકમની પરત ચુકવણીમાં કસુર કર્યો છે. અમે તમારૂ એકાઉન્ટ **તા.૨૮.૦૪.૨૦૨૬ થી** અસરથી રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ અને ગાઈડલાઈન મુજબ નોન–પરફોર્મીગ એસેટ તરીકે જાહેર કરેલ છે.
૪. ઉપર જણાવેલ કારણસર અમે અહીં તમને ઉપર જણાવેલ કાયદાની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ આપીએ છીએ અને તમને જાણ કરવામાં આવે છે કે બેંક ની બાકી રકમ **રૂા. ૧૩,૯૮,૭૫૯.૪૮(એંક રૂા. તેર લાખ અઠ્ઠાણું હજાર સાતસો ઓગણસાઠ અને અડતાલીસ પૈસા પુરા) ( નોટિસની તારીખ સુધીના કરારના બાકી)** તેના ઉપર ના વધારા ના વ્યાજ વાર્ષિક @ ૦૯.૬૦% લેખે વ્યાજ માસિક ગણતરીના આધારે વ્યાજ, કોસ્ટ, ચાર્જ, પેનલ સાથે નોટીસ આપ્યાના ૬૦ દિવસમાં ચુકવી આપવા તમને જણાવાય છે. મહેરબાની કરી નોંધ લેશો કે જેમાં કસુર થયે અમે તમારા જોખમે અને ખર્ચે અને પરિણામે ધી સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની કલમ ૧૩ મુજબ ઉપરોક્ત દર્શાવેલ સુરક્ષિત કરેલ મિલકત ના અનુસંધાનમાં વધુ કાર્યવાહી કરી શકીએ છીએ.
૫. જયારે અમે તમને એનપીએ ખાતામાં ઉપર મુજબની જવાબદારી ડીસ્ચાર્જ કરવા માટે કહીએ છીએ. બેંક ને લાગુ પડતા વ્યાજ તમામ ખર્ચ અને સંપૂર્ણ ચુકવણી સુધી બેંક દ્વારા કરવામાં આવેલ તમામ લેણી રકમ અને સમયગાળા ની અંદર સુરક્ષિત કરેલ અસ્કયામતો રીડમ કરવા જાણ કરવામાં આવે છે. મહેરબાની કરી મહત્વની નોંધ લેશો કે સરફેસી એક્ટની કલમ૧૩(૮) મુજબ સુરક્ષિત અસ્કામતો નું રીડીમ કરવાનું ટ્રાન્સફર માટે જાહેર અથવા ખાનગી સંધિમાંથી જાહેર હરાજી અથવા ટેન્ડર અથવા લીઝ સોપણી અથવા સુરક્ષીત સંપતિ ની વેચાણ ની નોટીસ ની પ્રસિધ્ધી સુધી ઉપલબ્ધ રહેશે.
૬. ઉપર દર્શાવેલ સત્તાનો ઉપયોગ કરવાથી પ્રાપ્ત થયેલી રકમ, અમારા દ્વારા કરવામાં આવેલ તમામ કોસ્ટ, ચાર્જ અને ખર્ચની ચુકવણીમાં અને અથવા તેને લગતા કોઈપણ ખર્ચની ચુકવણીમાં લાગુ કરવામાં આવશે. અને બીજુ ઉપર જણાવ્યા મુજબ બેંકના લેણાની વસુલાતમાં વાસ્તવિક વસુલાતની તારીખ સુધી કરાર આધારિત વ્યાજ, જો કોઈ હોય તો તે બેંકના સમગ્ર લેણામાં(જેમા દેવાદાર અથવા ગેરંટી આપનાર તરીકે બેંક ને તમારા અન્ય કોઈ પણ લેણા નો સમાવેસ થાય છે.) સંપૂર્ણ રીતે વસુલ કરવામાં આવે જે તમને ચુકવવામાં આવશે.
૭. જો સીકયોર્ડ મિલકત સામે ઉકત સત્તાનો ઉપયોગ દરમ્યાન પ્રાપ્ત થયેલ આવકમાંથી ઉકત લેણાં સંપૂર્ણ રીતે વસુલવામાં ન આવે તો અમે તમારી અન્ય અસ્કયામતો સામે કાર્યવાહી કરવાને અમારો અધિકાર અનામત રાખીએ છીએ. જેમાં તમારી પાસેથી આકસ્મીક તમામ ખર્ચ વગેરે બાકી સહિતની રકમ વસુલાત માટે ઋણ વસુલી ટ્રીબ્યુન્લ સમક્ષ કાનુની /વસુલાતની કાર્યવાહીનો સમાવેશ થાય છે.
૮. મહેરબાની કરી નોંધ લેશો કે આ ધારાની પેટા કલમ (૧૩) મુજબ આ નોટીસ પ્રાપ્ત થયે જણાવેલ મિલકત વેચાણ, લીઝ, લાઈસન્સ, ગીફટ, ગીરવેદાર કે અન્ય કોઈપણ રીતે સુરક્ષિત મિલકત ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.
૯. નીચે સહી કરનાર આ નોટીસ જારી કરવા અને ઉપરોકત કાયદાની કલમ ૧૩ હેઠળ સત્તાનો ઉપયોગ કરવા માટે બેંકના અધિકૃત અધિકારી છે.
૧૦. એ ઉલ્લેખ કરવાની જરૂર નથી કે, આ નોટીસ બેંકને ઉપલબ્ધ અન્ય કોઈપણ અધિકાર અથવા ઉપાય પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના તમને આપવામાં આવી છે.

**તા.૦૨/૦૫/૨૦૨૬ । સ્થળ : સુરત ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, બોમ્બે માર્કેટ શાખા**